# સમ્યક્ત્વજયંતી-અંક



વહ ધન્ય હૈ, સુકૃતાર્થ હૈ, પંડિત તથા વહ વીર હૈ ।
ના સ્વપ્નમેં ભી સિદ્ધિકર સમ્યક્ત્વ હો મલિનિત જિસે ॥

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ મોક્ષના અર્થી એવા મને કોઈની પણ સાથે—મિત્ર-શત્રુ કે મધ્યસ્થ—નજીકમાં વર્તતા પ્રાણી સાથે કામ નથી. ૮૬૭.

*(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૧૬, ગાથા-૨)*

❀ અરિહંતદેવકી પ્રતિમાકા સ્થાન જિનાલય, શ્રી જિનેન્દ્રદેવ (જિન-પ્રતિમા), જૈનશાસ્ત્ર, દીક્ષા દેનેવાલે ગુરુ, સંસારસાગરસે તૈરનેકે કારણ પરમ તપસ્વીયોંકે સ્થાન સમ્મેદશિખર આદિ, દ્વાદશાંગરૂપ સિદ્ધાંત, ગદ્ય-પદ્યરૂપ રચના ઈત્યાદિ જો વસ્તુ અચ્છી યા બૂરી દીખનેમેં આતી હૈં વે સબ કાલરૂપી અગ્નિકા ઈંધન હો જાવેગી. ૮૬૮.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૨, શ્લોક-૧૩૦)*

❀ ભેદવિજ્ઞાનમેં પ્રેમ સો હી વાત્સલ્યગુણ હૈ. સમ્યગ્દર્શન ભેદજ્ઞાનસ્વરૂપ હૈ. આત્માકો પરસે ભિન્ન જાનના ભેદવિજ્ઞાન હૈ. યહી સમ્યગ્દર્શન યા સચ્ચા શ્રદ્ધાન હૈ. ઈસીકે દ્વારા સ્વાનુભવ હોતા હૈ જો અસલી મોક્ષમાર્ગ હૈ. ૮૬૯.

*(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૨૩૫)*

❀ ચક્રવર્તી અથવા બીજા સાધારણ રાજાઓની આજ્ઞાનો ભંગ થતાં પણ મરણનું દુઃખ થાય છે, તો શું ત્રણલોકના પ્રભુ એવા દેવાધિદેવ જિનેન્દ્રદેવની આજ્ઞાના ભંગથી દુઃખ નહિ થાય?—જરૂર થશે જ. ૮૭૦.

*(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૯૮)*

❀ મિથ્યાદષ્ટિ જીવ આત્માના સ્વરૂપને ભૂલી જઈને કર્મબંધના સારાં ફળમાં પ્રેમ કરે છે, ખરાબ ફળમાં દ્વેષ કરે છે તથા જ્ઞાન અને વૈરાગ્ય જે આત્માના હિતના કારણ છે તેને આત્માને દુઃખના આપનારા માને છે. ૮૭૧.

*(પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ-૨, શ્લોક-૬)*

❀ આ સંસારનો તમાશો તો જુઓ!—કે જેમાં કરગરીને માંગવા છતાં એક પાંદડુંય મળતું નથી ને અજ્ઞાની કષ્ટથી પેટ ભરે છે. પણ જો અજ્ઞાન છોડીને તે સંસારથી વિમુખ થઈ જાઓ તો વગર માગે પોતાના સદ્ગુણોની વૃદ્ધિ થાય છે. ૮૭૨.

*(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૧૯)*

❀

કહાન
સંવત-૨૫
વર્ષ-૬૧
અંક-૧૦
[૭૩૮]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૩૧
સં. ૨૦૬૧
APRIL
A.D. 2005

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન :—જ્ઞાયક જ્ઞાન લક્ષણથી જણાય છે, પણ બીજા લક્ષણ તેને ક્યારે પ્રમાણરૂપે ખ્યાલમાં આવે?*

સમાધાન :—હું જ્ઞાન લક્ષણથી લક્ષિત એક જ્ઞાયક તત્ત્વ છું. જે તત્ત્વ હોય તે પૂર્ણ જ હોય, તે તત્ત્વ કાંઈ અધૂરું ન હોય. આ રીતે હું પરિપૂર્ણ છું એમ કહેતાં બધું ભેગું સમજાઈ જાય છે. જે સુખને પોતે ઇચ્છી રહ્યો છે તે સુખ બહારથી નથી આવતું, હું સુખસ્વરૂપ છું; હું શાંતિસ્વરૂપ છું; આ વિકલ્પ છે તે બધી આકુળતા છે, હું નિર્વિકલ્પ તત્ત્વ છું; શાસ્ત્રમાં કહ્યું માટે નહિ, પણ હું પોતે નિર્વિકલ્પ તત્ત્વ જ છું. આનંદગુણ દેખાતો નથી, છતાં પણ મારામાં આનંદગુણ છે, તે અમુક રીતે નક્કી થાય છે. જ્યારે જ્ઞાન લક્ષણ એવું છે કે તેને ખ્યાલમાં આવી શકે છે, માટે આત્માને જ્ઞાનથી જાણવો તેમ કહેવામાં આવે છે. હું આકુળતા વગરનો નિરાકુળ છું એમ એને ખ્યાલ આવી શકે છે; પણ હું આનંદ લક્ષણ છું તેમાં તેને આનંદ દેખાય નહિ, તો પણ અમુક જાતના યથાર્થ પ્રમાણથી જાણી શકે છે. સાચા જ્ઞાનથી નક્કી કરી શકે છે. પરંતુ જ્ઞાન લક્ષણ એવું છે કે તેના અનુભવમાં આવે છે. તેના અનુભવમાં એટલે કે સ્વાનુભૂતિના અનુભવમાં એમ નહિ, પણ જ્ઞાન લક્ષણથી જાણી શકે છે.

*પ્રશ્ન :—આત્મા બીજાને જાણે છે માટે જ્ઞાયક છે કે સ્વયં જ્ઞાયક છે?*

સમાધાન :—શાસ્ત્રમાં આવે છે ને? કે હું દેખનારો છું, દેખતાને જ દેખું છું, દેખતા

દ્વારા દેખું છું, સ્વયં દેખનારો-જાણનારો છું, બીજાને દેખનારો છું તેમ નહિ. હું સ્વયં દેખનારો છું. હું દેખનાર–જાણનાર સ્વભાવથી ભરપૂર છું. અગ્નિ બીજાને ઉષ્ણ કરે માટે ઉષ્ણ છે તેમ નહિ, સ્વયં ઉષ્ણતાથી ભરેલી અગ્નિ છે. બરફ પોતે સ્વયં ઠંડો છે, બીજાને ઠંડો કરે માટે બરફ ઠંડો એમ નહિ, બરફનો સ્વભાવ સ્વયં ઠંડો જ છે. તેમ બીજાને હું દેખું-જાણું માટે હું જાણનાર એમ નહિ, હું સ્વયં દેખનારો–જાણનારો છું. હું અનંત શક્તિથી ભરપૂર જાણનારો છું. વસ્તુ સ્વતઃ સિદ્ધ અનાદિ-અનંત છે. તેને કોઈએ બનાવી નથી, તે સ્વયં છે. જેમ જડ પદાર્થ સ્વયં છે, તેમ હું ચૈતન્ય સ્વયંસિદ્ધ વસ્તુ જાણનારો છું. તે જાણનારામાં બીજા અનંતા ગુણ ભરેલા છે. તે જાણનાર એવો છે કે અનંતતાથી સ્વયં ભરેલો છે. તે સ્વયં જાણનારને જાણી લેવો. બીજાને જાણે-દેખે માટે જાણનારો ને દેખનારો તેમ નહિ, સ્વયં જાણનારો-દેખનારો છે.

*પ્રશ્ન :—હું સ્વયં જ્ઞાયક છું એવો અભ્યાસ જેમ જેમ તેને ઊંડપથી વિશેષ થાય તેમ તેમ માર્ગ સહજપણે મળે?*

**સમાધાન :**—(હા, તેને અવકાશ છે) અંતરમાં અભ્યાસ કરે કે હું સ્વયં જ્ઞાયક છું. આ જે બધા ભાવો દેખાય છે તે હું નથી. હું સ્વયં જ્ઞાયક બધાથી છૂટું તત્ત્વ છું, નિરાળું તત્ત્વ છું, તેમ વારંવાર અંતરથી અભ્યાસ કરે. પોતાના અસ્તિત્વની તેને મહિમા હોય. શૂન્યતા માત્ર નહિ અર્થાત્ હું અનાદિ-અનંત કિંમત વગરનું તત્ત્વ છું એમ નહિ, પણ અનંત શક્તિથી ભરપૂર એવું–ચૈતન્ય અસ્તિત્વ તે હું છું એવી મહિમા આવે અને પર પદાર્થની મહિમા છૂટી જાય. વિકલ્પ છૂટી હું શૂન્ય થઈ જાઉં એમ નહિ. હું અનંત શક્તિઓથી ભરપૂર છું. વિકલ્પ તે મારો સ્વભાવ નથી, નિર્વિકલ્પ તત્ત્વ હું અનંતતાથી ભરપૂર છું.

*પ્રશ્ન :—જ્ઞાન જુદું અને રાગ જુદો તેમ ઓળખાય પછી તેને જ્ઞાન જુદું અને રાગ જુદો એમ વિકલ્પ કરવાની જરૂર પડે?*

**સમાધાન :**—જેને યથાર્થ ઓળખાય તેને જ્ઞાન જુદું અને રાગ જુદો એ સહજ થઈ જાય છે. જેને સહજ દશા હોય છે તેને જ્ઞાન જુદું ને રાગ જુદો એવી સહજ જ્ઞાતાધારા વર્ત્યા કરે છે. ઉદયધારા અને જ્ઞાનધારા જુદી છે. સ્વાનુભૂતિ થયા પછી ભેદજ્ઞાનની ધારા વર્તે તેમાં પુરુષાર્થ કરવાની જરૂર નથી. તેમાં સહજ ભેદજ્ઞાન રહ્યા કરે છે. જે જે ઉદયો આવે અને હજી અસ્થિરતા છે તેથી જે વિકલ્પો ઊભા થાય તેની સાથે હું જ્ઞાયક છું એવી જ્ઞાતાધારા સહજ રહે છે; તેને સહજ રહે છે કે આ જુદું અને હું જુદો. જોકે પુરુષાર્થની

મંદતાને કારણે તેમાં અલ્પ જોડાય છે, ન જોડાય તો વીતરાગતા થાય. તેથી અલ્પ જોડાય છે, પણ જ્ઞાયકની તીવ્ર દૃઢતા રહે છે કે હું જુદો છું.–ચૈતન્યતત્ત્વ જુદું છે. આ તત્ત્વ તે હું નથી. આ તો વિભાવભાવ છે એવી ભેદજ્ઞાનની સહજ ધારા વર્ત્યા જ કરે છે. વિકલ્પ કરવાની જરૂર પડતી નથી, પણ ભેદજ્ઞાન રહ્યા જ કરે છે. પછી જેમ જેમ દશા વધતી જાય અને મુનિદશા આવે ત્યારે વધારે તીવ્રતા થતી જાય છે. જ્ઞાયકની ધારા અને દ્રવ્ય ઉપરની દૃષ્ટિ બધું બળવાન થતું થતું મુનિદશામાં તેની ઉગ્રતા થતી જાય છે. ઉદયધારા અને જ્ઞાનધારા જ્યાં સુધી વીતરાગતા પૂર્ણ ન થાય, ને કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી રહ્યા કરે છે. ભેદજ્ઞાનની ધારા સમ્યગ્દર્શનમાં અમુક પ્રકારે રહે છે અને અંશે-અંશે સ્વરૂપની લીનતા વધતી જાય તેમ તેમ ઉગ્રતા વધતી જાય છે.

*પ્રશ્ન :—જ્ઞાનીને અસ્તિત્વની ખુમારી કેવી હોય?*

સમાધાન :—જ્યાં તત્ત્વની દૃષ્ટિ થઈ ત્યાં કોઈપણ પરભાવ વગર પોતે ટકી શકે છે. (એવી ખુમારી આવી જાય છે.) સ્વતઃ સિદ્ધ વસ્તુ બીજા કોઈ પદાર્થ વગર ટકનારી છે. જ્યાં દ્રવ્યની પ્રતીતિ થાય છે ત્યાં તે પ્રતીતિમાં બધું બળ સાથે આવતું જાય છે. પ્રતીતિ તો તેને દૃઢ જ છે કે કોઈ પદાર્થના આશ્રયથી હું ટકું એવું તત્ત્વ નથી. સ્વયં હું ટકનારો છું, સ્વયં વસ્તુ છું. એવી પ્રતીતિ સમ્યગ્દર્શનમાં પહેલાં આવી જાય. પછી તો તેને લીનતા વધતી જાય, સ્વરૂપનું વેદન વધતું જાય, સ્વાનુભૂતિ વધતી જાય અને વચ્ચે સવિકલ્પ દશામાં અંશે-અંશે જ્ઞાયકની ધારા, શાંતિનું વેદન વધતું જાય છે. પોતાના અસ્તિત્વમાં સ્વયં ટકનારો છું તે પ્રતીતિમાં આવી ગયું. પછી સ્વરૂપમાં જ રહું, બહાર ન જાઉં, સ્વરૂપમાં જ આનંદ–શાંતિ છે, સ્વરૂપમાંથી બહાર જવું મુશ્કેલ પડે તેવી તેની દશા વધતી જાય છે. અલ્પ અસ્થિરતાને લઈને પરિણતિ બહાર જાય છે, પણ તેની ઉગ્રતા થતી જાય છે. ભેદજ્ઞાનની ધારા અને દ્રવ્યની પ્રતીતિનું બળ વધતું જાય છે, લીનતા વિશેષ વધતી જાય છે.

*પ્રશ્ન :—વચનામૃતમાં ખટક લાગવી જોઈએ તેમ કહેવામાં કઈ જાતની ખટક કહેવાનો આશય છે?*

સમાધાન :—સ્વાધ્યાય, મનન, ચિંતન તે બધાંનો હેતુ શું છે? મારે આત્માનું સ્વરૂપ પ્રગટ કરવું છે, મારે આત્માને ઓળખવો છે. સ્વાધ્યાય ખાતર સ્વાધ્યાય- મનન- ચિંતવન નહિ, પણ મારે આનો હેતુ શું છે? ધ્યેય એક ચૈતન્ય તરફનું છે, મારે ચૈતન્ય સ્વભાવ પ્રગટ કરવો છે. એક શુભભાવ પૂરતું સ્વાધ્યાય-મનન કરવાં એમ નહિ, આનો હેતુ મને ચૈતન્ય કેમ પ્રાપ્ત થાય તેવી ખટક હોવી જોઈએ. મારો સ્વભાવ કેમ પ્રાપ્ત થાય,

મને ભેદજ્ઞાન કેમ પ્રાપ્ત થાય, મારા ચૈતન્ય તત્ત્વનું અસ્તિત્વ,–હું ચૈતન્ય છું–તે મને કેમ ગ્રહણ થાય તેવી ખટક હોવી જોઈએ.

*પ્રશ્ન :—સમયસાર ગાથા ૧૭-૧૮માં આવે છે, 'અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળ-ગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં' તો શું ભગવાન આત્માનો અનુભવ અજ્ઞાન દશામાં પણ હોય છે?*

સમાધાન :—અનુભૂતિ એટલે સ્વાનુભૂતિની અહીં અપેક્ષા નથી. આબાળગોપાળ સૌને સ્વયં વેદાઈ રહ્યો છે એટલે કે જ્ઞાનસ્વભાવ સ્વયં તેને અનુભવમાં આવી રહ્યો છે, ચૈતન્ય દ્રવ્ય પોતે પોતાના જ્ઞાનસ્વભાવે ઓળખાય તેવી રીતે અનુભવમાં આવી રહ્યું છે, કારણ કે તે જાણનારું દ્રવ્ય છે. તે જાણનારું દ્રવ્ય પોતે જણાઈ રહ્યું છે એટલે યથાર્થ જણાઈ રહ્યું છે તેમ નહિ, પણ તેનો જાણનાર સ્વભાવ બધાને અનુભવાઈ રહ્યો છે. તેમાં જડતા નથી અનુભવાતી, પણ જાણનારો બધાને ચૈતન્યરૂપે અનુભવાઈ રહ્યો છે. આ વિકલ્પ છે, આ પર છે, આ છે-આ છે તેવો વિચાર કોની સત્તામાં થાય છે એમ ખ્યાલ કરે તો જાણનારો અનુભવમાં બધાને આવી રહ્યો છે; પણ પોતે લક્ષ દઈને યથાર્થપણે જાણતો નથી. પોતે પોતાના જ્ઞાન સ્વભાવરૂપે અનુભવાઈ રહ્યો છે. જ્ઞાયક-જાણનાર તે બધાને ચૈતન્યતારૂપે અનુભવમાં આવે છે. આબાળગોપાળ બધાંને અનુભવાઈ રહ્યો છે તે યથાર્થપણે નહિ, પણ તેના સ્વભાવરૂપે અનુભવાઈ રહ્યો છે. જેમ આ વર્ણ-રસ-સ્પર્શ-ગંધ બધાંમાં જડતા દેખાય છે તેમ આત્મામાં ચૈતન્યતા દેખાય છે.

*પ્રશ્ન :—ચૈતન્યતા એટલી સ્પષ્ટ છે કે તેને ઓળખવી હોય તો ઓળખી શકાય તેવી છે?*

સમાધાન :—ઓળખી શકાય તેવી છે, સ્પષ્ટપણે છે પણ પોતે ઓળખતો નથી. ચૈતન્યતા તો સ્પષ્ટ છે.

*પ્રશ્ન :—આત્મા ઓળખવા માટે કેવી રીતે પુરુષાર્થ કરવો?*

સમાધાન :—તેનો વારંવાર વિચાર કરવો, તે જાતના સ્વાધ્યાય–મનન કરવાં, અંતરમાં જિજ્ઞાસા કરવી, મહિમા કરવી કે આત્મા કેવો અપૂર્વ હશે! તે મને કેમ પ્રગટ થાય. વિભાવની મહિમા ગૌણ કરીને સ્વભાવની મહિમા પ્રગટ કરવી. હું ચૈતન્ય છું તે જાતનો વારંવાર અભ્યાસ કરવો. ચેતન સ્વભાવ માટે આવે છે ને.....

"સમતા–રમતા–ઉર્ધ્વતા, જ્ઞાયકતા સુખભાસ,
વેદકતા-ચૈતન્યતા એ સબ જીવ વિલાસ."

તે રીતે ચૈતન્ય બધાને ખ્યાલમાં આવી શકે તેવો છે. તેમાં જ્ઞાયકતા છે, સમતા છે, રમતા-રમ્યભાવ છે, વેદકતા-વેદનમાં આવે છે, ચૈતન્યતા બધાને ગ્રહણ થાય તેવી છે.– 'એ સબ જીવ વિલાસ'—આ બધો જીવનો વિલાસ છે, પણ પોતે ગ્રહણ કરતો નથી. પુરુષાર્થ કરે તો ગ્રહણ થાય. પણ અનાદિનો પરના અભ્યાસમાં પડ્યો છે તેથી ગ્રહણ થતો નથી. પોતા તરફનો અભ્યાસ કરે તો પોતાની સમીપ જ છે, દૂર નથી.

*પ્રશ્ન :—અનંતકાળમાં શું આવો અભ્યાસ જીવે નહિ કર્યો હોય?*

સમાધાન :—જીવે અભ્યાસ તો કર્યો છે, પણ અપૂર્વતા નથી લાગી. અપૂર્વતા લાગવી જોઈએ કે આ કાંઈ જુદું જ છે. અંતરમાં યથાર્થ દેશનાલબ્ધિ થઈ હોય તે નિષ્ફળ જતી નથી, એવી રીતે અપૂર્વતા પ્રગટ થઈ હોય તો સફળ થાય જ. જીવે અનંતકાળમાં ઘણું કર્યું પણ તેમાં અપૂર્વતા લાગી નથી. આ કાંઈ અપૂર્વ છે તેમ પોતાને પોતાના આત્માનો વિશ્વાસ અંતરમાંથી આવવો જોઈએ.

*પ્રશ્ન :—આત્મપ્રાપ્તિ માટે ત્યાગ-વૈરાગ્યની મુખ્યતા છે ખરી?*

સમાધાન :—પ્રથમ આત્મા કેમ પમાય તેની ભાવના, તત્ત્વવિચાર, સ્વાધ્યાય મુખ્ય હોય છે. ત્યાગ-વૈરાગ્યમાં પણ જેટલો પોતે આત્મા તરફ વળે એટલી અંદરથી વિરક્તિ આવે અને બહારનો રસ ઊતરી જાય. અંતરમાં અમુક પ્રકારે એ બધું હોય છે. પ્રથમ સાચી સમજણને માટે તત્ત્વવિચાર, સ્વાધ્યાય, શ્રવણ-મનન તે હોય છે. ત્યાગ-વૈરાગ્ય તો જેટલો અંતરમાંથી વિભાવનો રસ છૂટે, એટલો હોય. અંતરમાં આત્મા તરફ વળે એટલી વિરક્તિ તો ભૂમિકા પ્રમાણે હોય જ. તેની સાથે સાચી સમજણ માટે સ્વાધ્યાય-વિચાર-મનન બધું હોય છે, પણ અમુક વિરક્તિ તો હોવી જ જોઈએ.

*પ્રશ્ન :—સત્ સરળ છે, સુગમ છે, સહજ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ છે તો અમને એવું કેમ ભાસતું નથી?*

સમાધાન :—સત્ આત્માનો સ્વભાવ છે માટે સહજ છે. તેને કાંઈ બહાર ગોતવા જવું પડતું નથી કે માંગવા જવું પડતું નથી કે પર વસ્તુમાંથી આવતું નથી. પોતાનો સ્વભાવ છે માટે સુગમ છે, સહજ છે, સરળ છે. પણ અનાદિના વિભાવના અભ્યાસના કારણે દુર્લભ છે. પોતાનો સ્વભાવ છે માટે સહજ છે. પોતે જ છે, કાંઈ બીજો નથી માટે સહજ છે. પ્રગટ કરે તો અંતર્મુહૂર્તમાં થાય છે, અને ન કરે તો અનંતકાળ જાય છે. પોતાને વિભાવનો અનાદિનો અભ્યાસ છે એટલે પ્રગટતો નથી. બાકી સ્વભાવ પોતાનો છે,

પોતામાંથી પ્રગટે છે. બહારથી નથી આવતો. બહાર ક્યાંય શોધવા જવું પડતું નથી. પોતામાં જ ભરેલું છે તે પ્રગટ કરવાનું છે.

*પ્રશ્ન :—બહારમાં ક્યાંય ન ગમતું હોય તો જ આત્મામાં ગમે એવું ખરું?*

**સમાધાન :—**બહારમાં ન ગમતું હોય તો જ આત્મામાં ગમે. બહારની રુચિ જેને લાગે તેને આત્માની રુચિ લાગે નહિ. આત્માની રુચિ લાગે તેને બહારની રુચિ તૂટી જાય છે. બહારમાં રુચિ અને તન્મયતા છે તેને આત્માની લગની નથી, તે આત્મા તરફ જઈ શકતો નથી. અનાદિકાળથી પોતે બહારમાં તન્મય થઈને રહ્યો છે માટે આત્માની લગની લાગી નથી. આત્માની રુચિ લાગે તો જ આત્મામાં જઈ શકાય છે. ઘણા કહે છે ને? કે ક્યાંય ગમતું નથી તો તારા આત્માનું અસ્તિત્વ ગ્રહણ કર. ત્યાં ગમે તેવું છે. તે તારું રહેવાનું સ્થાન છે, સુખનું ધામ છે. સ્વરૂપને ગ્રહણ કરવાનો પુરુષાર્થ કર, તો તેમાંથી સુખ પ્રગટ થશે. બહાર ન ગમે તો જ અંદરમાં જવાય તેમ છે. બહાર રુચે તેને માટે બહારનો સંસાર ઊભો જ છે.

*પ્રશ્ન :—અંદરમાં આત્માનું સુખ જોયું નથી તો વિશ્વાસ કઈ રીતે કરાય?*

**સમાધાન :—**સુખને જોયું નથી, પણ સુખની ઇચ્છા છે અને બહાર ક્યાંય ચેન પડતું નથી, રુચતું નથી. તો સુખમય એક આત્મપદાર્થ જગતમાં હોવો જોઈએ. તું તારા વિચારથી તેને ગ્રહણ કર, તેમાં જ સુખ છે. જે સુખનું ધામ દેવ-શાસ્ત્ર-ગુરુ બતાવી રહ્યા છે, મુનિઓએ તથા અનંતા તીર્થંકરોએ પ્રગટ કર્યું છે અને બધા મહાપુરુષોએ પણ તે બતાવ્યું છે. માટે તું વિચાર કર તો આત્મામાં જ સુખ લાગશે. અત્યારે તને દેખાતું નથી પણ તત્ત્વનો વિચાર કરીને જો તો તને પણ દેખાશે. તને તારો આત્મા જ અંદરથી જવાબ આપી દેશે. તું જાણનારો અંદર બિરાજે છે એમાં સુખ છે. તું વિચાર કર તો પ્રતીતિ આવ્યા વગર રહેશે નહિ. તે માર્ગે જ અનંતા તીર્થંકરો મોક્ષે ગયા છે અને તેમણે માર્ગ બતાવ્યો છે. તેનો અંતરમાં વિચાર કર, તો વિશ્વાસ આવ્યા વગર રહેશે નહિ.

*પ્રશ્ન :—રાગ-દ્વેષમાં જીવ ગૂંચવાઈ જાય છે?*

**સમાધાન :—**પોતાની રુચિ નથી, રુચિ મંદ છે, એટલે ગૂંચવાઈ જવાય છે. પુરુષાર્થ વધારે કરવો, રુચિ વધારવી. પુરુષાર્થ મંદ થાય તો વારંવાર તેનો અભ્યાસ કરવો. બહારની કોઈ રુચિ લાગે તો તેનો પ્રયત્ન કેમ કર્યા જ કરે છે? બહારની રુચિ હોય અને ગમતું કામ માથે લીધું હોય તો તેની પાછળ પડી કામ કર્યા જ કરે છે. તેમ આની રુચિ લાગે

અને પાછળ પડીને વારંવાર પ્રયત્ન કરે તો કાર્ય થાય. પુરુષાર્થ કર્યા વગર થતું નથી.

*પ્રશ્ન :—ઉતાવળથી આત્માનું કાર્ય ન થાય?*

સમાધાન :—ખોટી ઉતાવળ કર્યે ન થાય, સ્વભાવ ઓળખે તો થાય. ધીરજથી થાય, પ્રમાદ કરે તો ન થાય. આકુળતા કરવાથી ન થાય, પણ ધીરજથી-શાંતિથી સ્વભાવને ઓળખીને યથાર્થ રીતે વિચાર કરે તો થાય. પુરુષાર્થ કરે, પોતાના સ્વભાવને ગ્રહણ કરે તો થાય.

*પ્રશ્ન :—સ્વાનુભૂતિમાં, નાળિયેરમાં જેમ ગોળો અલગ છે તેમ, શરીર એકદમ જુદું પડ્યું છે એમ ખ્યાલમાં આવે?*

સમાધાન :—પોતે જુદો જ પડી જાય છે. એકદમ નિરાળો થઈ જાય છે. ચૈતન્યતત્ત્વ એકલો નિરાળો થઈ પોતે પોતાની સ્વાનુભૂતિ કરે છે, પોતે પોતાના અનંત ગુણનું વેદન કરે છે, ચૈતન્ય ગોળો છૂટો પડીને, ચૈતન્યપણે પોતે પોતાને અનુભવે છે. આ અનુભવમાં જે વિભાવનું વેદન છે તે છૂટી જાય છે અને ચૈતન્યનું વેદન અંતરમાંથી પ્રગટ થાય છે. એકદમ એવો નિરાળો થઈ જાય છે. શરીરનો ખ્યાલ નથી રહેતો. બહાર ઉપયોગ આવે ત્યારે આ શરીર જુદું અને હું જ્ઞાયક જુદો તેમ જુદાપણાની-નિરાળાપણાની પરિણતિ વર્તે છે. અંતરમાં ગયો તો શરીર ક્યાં છે તે ખ્યાલ રહેતો નથી, વિકલ્પ તરફનો ઉપયોગ પણ છૂટી જાય છે ને એકલું ચૈતન્યનું વેદન રહે છે-એકલી આનંદની ધારા રહે છે. તેની સાથે અનંત ગુણની પર્યાય પ્રગટ થાય છે.

*પ્રશ્ન :—અમને તો લાગે છે કે અમે ઘણો પુરુષાર્થ કરીએ છીએ છતાં પરિણામ કાંઈ દેખાતું નથી. તો આપ આ વિષયમાં વિશેષ ખુલાસો કરવા કૃપા કરશો.*

સમાધાન :—પોતાના પુરુષાર્થની ખામી છે. પોતાના પુરુષાર્થમાં એની ને એની લગની; તથા દિવસ અને રાત તેનો પ્રયત્ન કરવો જોઈએ. આત્માનું ન્યારાપણું, બુદ્ધિમાં ગ્રહણ કર્યું પણ અંતર પરિણતિમાં હું ચૈતન્ય ન્યારો છું એવી ભેદજ્ઞાનની ધારા પ્રગટ થવી જોઈએ. પોતાના પ્રયત્નની ખામી છે. હું ચૈતન્ય જુદો છું, જુદો છું એવી અંતરમાંથી ન્યારાપણાની પરિણતિ પ્રગટ થવી જોઈએ. તો સ્વાનુભૂતિ થાય છે. માત્ર વિચાર ચાલે તે ઠીક છે પણ અંતરમાં ઊંડા ઊતરીને જે સ્વભાવ છે તે સ્વભાવમાંથી ન્યારાપણું આવવું જોઈએ.

*પ્રશ્ન :—શુદ્ધનયકા ઔર સમ્યગ્દર્શનકા વિષય ક્યા એક આત્મા હી હૈ? ક્યા દૃષ્ટિમેં કોઈ પર્યાયકા સ્વીકાર નહીં?*

સમાધાન :—દોનોંકા વિષય એક આત્મા હી હૈ, પર્યાય નહીં. દ્રવ્યદૃષ્ટિમેં પર્યાય નહીં આતી. અધૂરી, પૂર્ણ પર્યાય પર ભી લક્ષ નહીં જાતા. શુદ્ધ પર્યાયકા વેદન હોતા હૈ, તો ભી શુદ્ધ પર્યાય પર ઉસકી દૃષ્ટિ નહીં હોતી. દૃષ્ટિ તો શાશ્વત અનાદિ-અનંત પારિણામિકભાવ ઊપર હૈ. પારિણામિક ભાવકા ભી વિકલ્પ નહીં હોતા. મૈં અનાદિ-અનંત આત્મા હૂં ઈસકે ઉપર દૃષ્ટિ રહતી હૈ, શુદ્ધ-અશુદ્ધ દોનોં પર્યાય પર દૃષ્ટિ નહીં હોતી. ઈસકા વેદન હોવે તો ભી દૃષ્ટિ ઉસ પર નહિ હોતી. જ્ઞાન જાનતા હૈ કિ મેરી સાધકદશા ઈતની હૈ–ચતુર્થ ગુણસ્થાન હૈ, છઠા-સાતવાં ગુણસ્થાન હૈ,–ઐસા જ્ઞાનમેં રહતા હૈ ઈસલિયે પુરુષાર્થ હોને લગતા હૈ–પુરુષાર્થ કરતા હૈ. પરંતુ દૃષ્ટિ તો પૂરી દ્રવ્ય પર હૈ. પર્યાયકા વેદન હોતા હૈ વહ જ્ઞાન જાનતા હૈ.

*પ્રશ્ન :— જુદા પાડવાનો અભ્યાસ કરે તો શું એક ક્ષણ એવી આવે જેથી અભેદમાં પરિણતિ જાય?*

સમાધાન :—હા. જુદા પાડવાનો અભ્યાસ કરે તો ન્યારી પરિણતિ થાય. કેટલાકને મૂંઝવણ થાય એટલે થાકી જાય; પણ પોતે પ્રયત્ન કર્યા કરવો, તેમાં મૂંઝાવું કે થાકવું નહિ. પોતે ઉત્સાહથી અને ધીરજથી પ્રયત્ન કરવો. પ્રયત્ન કરે તો પ્રગટ થયા વગર રહેતું જ નથી. જેને પોતાની જિજ્ઞાસા ને પ્રયત્ન પોતા તરફ છે તેને કાળ લાગે, પણ થયા વગર રહેતું નથી. પોતાને લગની–રુચિ છે ને કારણ આપે તો કાર્ય આવ્યા વગર રહેતું નથી. જ્યાં સુધી કાર્ય થાય નહિ ત્યાં સુધી સમજવું કે કારણ ઓછું છે.

*પ્રશ્ન :— આપને પૂર્વભૂમિકામાં શું વિચારો ચાલતા હતા?*

સમાધાન :—મોક્ષ શું? એકાંત દુ:ખ કયા કારણે? મોક્ષની આવશ્યકતા કેવી રીતે? પુણ્ય–પાપ બંને દુ:ખનું કારણ કેવી રીતે?–એમ જાતજાતના વિચારો કરી નક્કી કર્યું હતું. સાકર અને કાળીજીરી એ દૃષ્ટાંતના વિચાર આવતા અને તે આપણી બુદ્ધિથી કઈ રીતે બેસે એવા બધા પ્રકારના વિચારો ચાલતા. તે વખતે જે જે વિચારો આવે તે બધા લખવાની ટેવ હતી એટલે પોતાને માટે લખી લેતી. જેથી પોતાને પાછું વિચારવામાં કામ આવે. ધૂન એવી લાગી રહેતી કે દરેક કાર્યમાં આત્મા જુદો છે, આત્મા જુદો છે, એવી જાતનું રહેતું. પછી એમ થાય કે આત્મા જુદો છે એવું નક્કી તો કર્યું પણ જુદો રહેતો તો નથી–એમ કરી કરીને એવા બધા વિચારો કરતી. કામકાજ કરું ત્યારે પણ આત્મા જુદો છે, જુદો છે એવી જાતની ધૂન રહેતી. અંતરમાં સ્વાનુભૂતિનો માર્ગ જુદો છે અને અંતરથી સ્વાનુભૂતિ થાય છે એમ ગુરુદેવે જે બતાવ્યું છે તેના ઉપર વિચાર ચાલતા હતા.

*પ્રશ્ન :—અમારે કેવી રીતે કરવું?*

સમાધાન :—ભેદજ્ઞાન પ્રયાસ કરવાથી થાય છે, પ્રયાસ વગર થતું નથી. કેવળ મંથન કરતાં કરતાં ભેદજ્ઞાન થઈ જાય એમ બને નહિ; પણ પરિણતિને જુદી પાડતાં પાડતાં થઈ જાય છે. પરંતુ તે જાતનું ધ્યેય હોવું જોઈએ. પરિણતિ જુદી પાડવાનું-સ્વભાવ જુદો પાડવાનું ધ્યેય હોવું જોઈએ. અને તે પ્રયાસ કરતાં કરતાં થાય જ. ન કેમ થાય? પોતે જ છે, બીજો કોઈ નથી. વિશ્વાસ અને પ્રતીતિને છોડવાં નહિ; શ્રદ્ધા તો બરાબર કરવી. પ્રયાસ ઓછો-વધારે થાય પણ શ્રદ્ધા બરાબર કરવી કે આ રસ્તે અને આ રસ્તે પ્રયાસ કરવાથી થવાનું જ છે. જેમ કે અહીં ગામ છે એમ નક્કી થયા' પછી ચલાય ઓછું, છતાં ચાલે જ. તેવી રીતે નક્કી-દૃઢતા કરે તો કાર્ય થયા વગર રહેવાનું નથી. શ્રદ્ધામાં હારીશ નહિ, શ્રદ્ધા બરાબર કરજે. જેવી દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા દૃઢ રાખે છે તેમ આત્મામાં આ રસ્તે જ પહોંચાશે એવી શ્રદ્ધા બરાબર રાખજે.

પોતાના પુરુષાર્થની મંદતા છે, કારણ ઓછું આપે છે, ત્યાં દૃષ્ટિને થંભાવતો નથી. દૃષ્ટિ થોડીવાર થંભી-ન થંભી ત્યાં છૂટી જાય છે-એટલે ભેદજ્ઞાન થતું નથી. રસ બહાર દોડ્યો જાય છે એટલે પરિણતિ પોતાને છોડીને બહાર જાય છે. દૃષ્ટિને એકદમ તે-મય-તન્મય કરતો નથી તેથી થતું નથી, આ રીતે પોતાનું કારણ છે.

*પ્રશ્ન :—હમણાં હમણાં ધ્યાન પદ્ધતિ નીકળી છે કે શ્વાસોચ્છ્વાસ રોકો, મનને ખાલી કરો તો તમને આત્મવિચારણા કરવા અંદરથી સ્ફુરણા થશે. તો શું એવું ધ્યાન કાંઈ મદદરૂપ થાય?*

સમાધાન :—તે શુભભાવનારૂપ છે. તેમાં (મનની) એકાગ્રતા થાય, પણ ખરું ધ્યાન તો પોતાને અંદરમાં સાચું જ્ઞાન થાય,-તત્ત્વને મૂળમાંથી—સ્વભાવમાંથી ઓળખે તો થાય. સાચું જ્ઞાન થાય તો સાચું ધ્યાન થાય, માટે તત્ત્વને ગ્રહણ કરવું. પોતે પોતાના જ્ઞાન દ્વારા સૂક્ષ્મ ઉપયોગ કરીને પોતાને ગ્રહણ કરે તો તેમાં સાચી એકાગ્રતા થાય. બાકી શ્વાસોચ્છ્વાસ તો ઘણીવાર તેણે રોક્યા છે ને તેમાં એકાગ્રતા કરી છે; પણ જ્યાં સુધી આત્માનું અસ્તિત્વ ગ્રહણ નથી થયું ત્યાં સુધી માત્ર મનની એકાગ્રતા થાય છે. મૂળ આત્માનું અસ્તિત્વ ગ્રહણ કર્યા વગર એકલી મનની એકાગ્રતા કાંઈ કામ આવતી નથી.

*પ્રશ્ન :—સૂક્ષ્મ ઉપયોગની ભૂમિકાએ પહોંચવા માટે શું કરવું?*

સમાધાન :—તત્ત્વના ઊંડા વિચારો કરવા, જ્ઞાયકની લગની લગાવવી, તેનો મહિમા કરવો. બહાર ઉપયોગ જે જાય છે તે બધો સ્થૂલ છે. તેની મહિમા અને એકત્વબુદ્ધિ તોડીને

હું ચૈતન્ય છું, હું મહિમાનો ભંડાર છું, બધું મારામાં છે, બહારમાં કાંઈ નથી એમ બધા વિકલ્પોની વચ્ચે હું કોણ છું તેને ઓળખવાનો પ્રયત્ન કરવો. તે માટે પોતે સૂક્ષ્મ ઉપયોગ કરે તો તેને ઓળખી શકે છે. બહાર જતો સ્થૂલ ઉપયોગ હોય તો ઓળખી ન શકે. માટે તત્ત્વના વિચારો કરવા, મહાપુરુષોએ જે માર્ગ બતાવ્યો છે તેના વાંચન-વિચારો કરવા અને પોતે અંતરમાં આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો.

*પ્રશ્ન :—બહુ એકાંત સેવવાથી આ સ્વાધ્યાય થઈ શકે? એવાં સ્થાનોની જરૂરિયાત ખરી?*

**સમાધાન :**—જેને જેની રુચિ હોય તે વચ્ચે આવે છે. કોઈ એકાંત સેવે, કોઈ એકાગ્રતા કરે, પણ મૂળ તો પોતાના આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. શાસ્ત્રમાં આવે છે ને આચાર્યો પણ એમ જ કહે છે કે તું તારા આત્માને ઓળખ અને તેની પ્રતીતિ કર. "બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો." આ બંધ શું છે? અને આત્મા શું છે? તે જાણીને "જે બંધમાંહી વિરક્ત થાયે..." બંધ અને બંધના જે ભાવો તેનાથી વિરક્ત થાય તે પોતાના સ્વભાવને ઓળખે. જે પ્રજ્ઞાથી સ્વભાવને જુદો પાડ્યો તેનાથી સ્વભાવને ગ્રહણ કરી તેમાં એકાગ્રતા કરે તે મુક્તિનો માર્ગ છે,-સ્વાનુભૂતિનો માર્ગ છે. પોતે સાચા જ્ઞાન વગર બધાં બાહ્ય સાધનો ભેગા કરે તો તે પગલું ક્યાં માંડશે? ઊભો ક્યાં રહેશે? જે પોતાના સ્વભાવને ઓળખતો નથી તે એકાગ્રતા ક્યાં કરશે? એકાંતમાં ક્યાં જાશે? પોતે પોતાને ઓળખવો જોઈએ કે હું આ ચૈતન્ય છું. તે વિના તે ક્યાં પગલું માંડશે? માટે તેણે જ્ઞાન દ્વારા-પ્રજ્ઞા દ્વારા પોતાને ઓળખવો જોઈએ કે આ હું ચૈતન્ય છું. આમ પોતે પોતાને ગ્રહણ કરી તેમાં એકાગ્રતા કરે તો સાચી એકાગ્રતા થાય. નહિ તો માત્ર શુભભાવનારૂપ થાય છે.

*પ્રશ્ન :—ફક્ત વિચારોના માધ્યમથી સ્વભાવ ગ્રહણ થઈ શકે?*

**સમાધાન :**—તત્ત્વવિચારમાં તેનું ધ્યેય એવું હોવું જોઈએ કે હું આત્માને ગ્રહણ કરું. એકલા માત્ર ઉપર ઉપરના વિચારો કે શાસ્ત્રના વિચારો કર્યા કરે તો થાય નહિ. પોતાને ચૈતન્ય ગ્રહણ કરવાના, શાસ્ત્રના, દ્રવ્ય-ગુણ-પર્યાયના વગેરે બધા વિચારો, સ્વભાવ એકદમ ગ્રહણ થઈ જાય તેમ નહીં હોવાથી વચમાં ભલે આવે, તો પણ તેનું ધ્યેય એવું હોવું જોઈએ કે હું મારા આત્માને ગ્રહણ કરું. તેને પોતાના અસ્તિત્વને ગ્રહણ કરવાનું લક્ષ હોવું જોઈએ કે મને મારો આત્મા કેમ ગ્રહણ થાય? જોકે તત્ત્વના વિચાર એ મુખ્ય સાધન છે, છતાં તેમાં પણ પોતાને ગ્રહણ કરવાનો પ્રયત્ન થવો જોઈએ.

*પ્રશ્ન :—સ્થૂલ ઉપયોગને સૂક્ષ્મ કરવાની કોઈ પદ્ધતિ નહિ હોય?*

સમાધાન :—ઉપયોગ સ્થૂલ થવાનું કારણ પોતાને બહારની મહિમા છે; બહારની એકત્વબુદ્ધિ છે તેથી ઉપયોગ સ્થૂલ થઈ ગયો છે.

બહારમાં તેને ક્યાંય ગમે નહિ, ક્યાંય રુચે નહિ, ક્યાંય ચેન પડે નહિ, ક્યાંય સુખ લાગે નહિ અને આ બાજુ સુખ મારા આત્મામાં છે, મને આત્મા કેમ ઓળખાય? કેમ ઓળખાય?– એવી જાતની ક્ષણે ને ક્ષણે ચૈતન્યની લગની લાગે, એક ને એક લગની લાગે એનો મહિમા આવે તો ઉપયોગ સૂક્ષ્મ થયા વગર રહે નહિ. સાચી રુચિ લાગે, સાચો પુરુષાર્થ કરે–સાચું કારણ પ્રગટ થાય તો કાર્ય આવ્યા વગર રહેતું નથી. જેમ આકોલિયાનું બી વાવે અને આંબો ઊગે એમ બને નહિ, આંબાનું બીજ વાવે તો જ આંબો ઊગે છે, તેમ આત્માને યથાર્થ ઓળખે, ચૈતન્યનું મૂળ ઓળખે અને પછી તેમાં જ્ઞાન–વૈરાગ્ય–ધ્યાનનું સિંચન કરે તો તે પ્રગટ થાય. તેનો મૂળ સ્વભાવ ઓળખવો જોઈએ. આ સ્વભાવ છે અને આ વિભાવ છે–એમ વિભાવ-સ્વભાવનો ભેદ પાડીને સ્વભાવને ઓળખવો જોઈએ.

ખરી લગની હોય તો કાર્ય આવ્યા વગર રહેતું જ નથી. માટે સ્વભાવ ઓળખવાનો જ પ્રયાસ કરવો, થાકવું નહિ. તેનો પ્રયાસ કરવાથી કાર્ય થાય છે અને તે જ સ્વભાવનું ખરું ગ્રહણ કરવાની રીત છે.

*પ્રશ્ન :—જ્ઞાનીને પરિણતિ વ્યાપારરૂપ હોય છે, એવું આપ ફરમાવો છો; પણ તેનો અર્થ સમજાતો નથી?*

સમાધાન :—વ્યાપારરૂપ પરિણતિ એટલે જ્ઞાયકતાની–ભેદજ્ઞાનની પરિણતિ. જ્ઞાનીને સ્વાનુભૂતિ થયા પછી સવિકલ્પદશામાં જેટલે અંશે જ્ઞાયકતા પ્રગટ થઈ છે તેટલી જ્ઞાયકની ધારા વર્ત્યા જ કરે છે. આખી દૃષ્ટિ તો અખંડ દ્રવ્ય ઉપર છે–દ્રવ્યને જ ગ્રહણ કરે છે. અને જ્ઞાન પણ તે તરફ વળેલું છે–અંશે પરિણતિ વળેલી છે, અને તેથી જ્ઞાયકતાની ધારા તો વર્ત્યા જ કરે છે, ભેદજ્ઞાનની ધારા ક્ષણે ક્ષણે વર્ત્યા જ કરે છે, તેના પુરુષાર્થની ધારા–પુરુષાર્થનો વ્યાપાર ચાલ્યા જ કરે છે. ગમે તેવા શુભ વિકલ્પ હોય તો પણ ભેદજ્ઞાનની ધારા–જ્ઞાતાની ધારા વર્ત્યા જ કરે છે. કોઈવાર તેને સ્વાનુભૂતિ થાય કે કોઈવાર સવિકલ્પતામાં હોય; ગમે તે કાર્યમાં હોય કે ગમે તે વિકલ્પમાં હોય, પણ ભેદજ્ઞાનની ધારા–જ્ઞાયકની ધારા, અંશે શાંતિનું વેદન, જ્ઞાયકતા વગેરે બધું તેને કદી છૂટતું નથી. બધાથી ઊર્ધ્વ ને ઊર્ધ્વ, અને છૂટો ને છૂટો રહે છે, તેની જ્ઞાયકતા છૂટતી નથી. જાગતાં, ઊંઘતાં કે સ્વપ્નમાં પણ તેને જ્ઞાયકની ધારા એમ ને એમ ચાલ્યા જ કરે છે.

*પ્રશ્ન :—ચોથા ગુણસ્થાને વધુમાં વધુ કેટલી ઝડપથી નિર્વિકલ્પદશા થઈ શકે?*

**સમાધાન :**—એ તો તેના પુરુષાર્થની યોગ્યતા હોય તે પ્રમાણે થાય છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ક્ષણ-ક્ષણમાં નિર્વિકલ્પદશા થાય છે. એવું તેને-ચોથા ગુણસ્થાનવાળાને-નથી થતું. ચોથા ગુણથાન કરતાં પાંચમા ગુણસ્થાને વિશેષ ઝડપ હોય છે, ચોથા ગુણસ્થાને તેને યોગ્ય હોય એટલી ઝડપ હોય છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ક્ષણ- ક્ષણમાં-અંતર્મુહૂર્તમાં થાય છે, એવી ઝડપથી ચોથા ગુણસ્થાને નથી થતું. બાકી તો તેના પુરુષાર્થની જેવી ગતિ હોય તે પ્રમાણે થાય છે, તેનો નિયમિત કાળ નથી હોતો.

**મુમુક્ષુ :**—કોઈ જીવ બહુ પુરુષાર્થી હોય તો?

**બહેનશ્રી :**—કોઈ જીવ બહુ પુરુષાર્થી હોય તો તેની નિવૃત્તિ ને અંદર પરિણતિની-જ્ઞાયકની ઉગ્રતા પ્રમાણે થાય. પરિણતિ હોય તો તેને વિશેષ ઝડપથી થાય છે. આ રીતે કોઈને અમુક પ્રકારે થાય ને કોઈને અમુક પ્રકારે થાય, પણ ભૂમિકા ઓળંગીને નથી થતું, ભૂમિકા પ્રમાણે થાય છે.

*પ્રશ્ન :—ચોથા ગુણસ્થાનમાંથી પાંચમું ગુણસ્થાન આવે તે જ્ઞાનીને કેમ ખબર પડે?*

**સમાધાન :**—તેની સ્વાનુભૂતિની દશા વધતી જાય છે, અંતરમાં પરિણતિની નિર્મળતા વધતી જાય છે, ગૃહસ્થાશ્રમને યોગ્ય જે પરિણામો હોય તેનાથી વિરક્તિનાં પરિણામ વિશેષ વધતાં જાય છે, એટલે તે પકડી શકે છે.

*પ્રશ્ન :—પાંચમા ગુણસ્થાનમાં નિર્વિકલ્પદશા વધતી જાય છે?*

**સમાધાન :**—(હા), નિર્વિકલ્પદશા વધતી જાય છે ને સવિકલ્પદશામાં પણ વિરક્તિ વધતી જાય છે. નિર્વિકલ્પદશા પણ વધે અને સવિકલ્પતામાં પણ વિરક્તિ વધારે હોય છે.

*પ્રશ્ન :—ચોથા ગુણસ્થાનમાં અને ચોથા ગુણસ્થાનમાં પણ એવી રીતે ફેર પડતો હશે ને?*

**સમાધાન :**—ચોથા ગુણસ્થાનની ભૂમિકા એક ને એક હોય, પણ અમુક પરિણતિની તારતમ્યતામાં ફેર હોય છે.

*પ્રશ્ન :—કયા લક્ષણથી ખ્યાલ આવે કે આ સાચી મુમુક્ષતા છે?*

**સમાધાન :**—"માત્ર મોક્ષ અભિલાષ"-એક આત્માની જેને અભિલાષા છે, બીજી કોઈ અભિલાષા નથી; દરેક કાર્ય અને દરેક પ્રસંગની અંદર મારે એક આત્મા જ જોઈએ છે—એમ એક આત્મા જ જેને ધ્યેય છે અને જે કોઈ સંકલ્પ વિકલ્પરૂપ વિભાવો થાય

તેમાં તન્મયતા નથી, પણ માત્ર આત્માની અભિલાષા જેને મુખ્યપણે વર્તે છે, તેને સાચી મુમુક્ષુતા છે. જેને માત્ર આત્માની જ અભિલાષા છે કે મને આત્મા કેમ પ્રાપ્ત થાય? મને સ્વાનુભૂતિ કેમ પ્રાપ્ત થાય? ને જેને બહારના કોઈ પદાર્થોની ઈચ્છા કે અભિલાષા નથી તે બહારનાં બધાં કાર્યોમાં જોડાય, છતાં બધું ગૌણ હોય છે. તેને ધ્યેય માત્ર એક આત્માનું છે કે એક આત્મા કેમ પ્રાપ્ત થાય? જોકે દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા વગેરે બધું તેને હોય છે, પણ આત્મા વગર તેને ક્યાંય ચેન પડતું નથી. ગુરુદેવ કહેતા હતા કે તું તારા આત્માને જો, તું આત્માનું જ્ઞાન કર, આ બધું તારાથી જુદું છે-આમ પોતે અંદર જિજ્ઞાસાથી આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે, તે સાચી મુમુક્ષુતા છે.

*પ્રશ્ન :—૧૧ અંગનું જ્ઞાન કર્યું હોય છતાં તે ઉપયોગને શાસ્ત્રમાં સ્થૂલ કહ્યો છે અને જે ઉપયોગે ચૈતન્યસ્વભાવને ગ્રહણ કર્યો તેને સૂક્ષ્મ કહ્યો છે એનું શું કારણ?*

સમાધાન :—ચૈતન્ય તત્ત્વને ગ્રહણ નથી કર્યું એટલે ઉપયોગ સ્થૂલ છે. જો પોતાના ચૈતન્ય તત્ત્વને ગ્રહણ કરે તો તે ઉપયોગ સૂક્ષ્મ છે. ૧૧ અંગનું જ્ઞાન કર્યું એમાં બધું જાણ્યું પણ અંતર આત્માને ગ્રહણ ન કર્યો એટલે ઉપયોગ સ્થૂલ છે.

બાહ્ય શ્રુતજ્ઞાનમાં ભલે દ્રવ્ય-ગુણ-પર્યાય જાણ્યા, બધું જાણ્યું ખરું, પણ 'હું આ ચૈતન્ય છું' એમ ગ્રહણ ન કર્યું એટલે ઉપયોગ સ્થૂલ છે. તે ઉપયોગ સ્વસન્મુખ ન વળ્યો અને બહાર ને બહાર રહ્યો તેથી સ્થૂલ છે. જે ઉપયોગ ચૈતન્યને ગ્રહણ કરે તે ઉપયોગ સૂક્ષ્મ છે. બહારનું ગમે તે જાણ્યું તો પણ ઉપયોગને સ્થૂલ કહેવાય, કારણ કે પોતાને ગ્રહણ નથી કર્યો. સ્વસન્મુખ-પોતા તરફ દિશા ન વળી, સ્વભાવને ન ઓળખ્યો તેથી બહાર રહેલ ઉપયોગને સ્થૂલ કહેવાય છે.

*પ્રશ્ન :—સ્થૂલ ઉપયોગનો વિસ્તાર કર્યો તે બરાબર છે, પણ સૂક્ષ્મ ઉપયોગના વિષયમાં થોડો વિસ્તાર કરવા કૃપા કરશો.*

સમાધાન :—પોતાના અંતરમાં ઉપયોગ જાય તે ઉપયોગ સૂક્ષ્મ છે. પોતાની સન્મુખ જાય કે હું આ ચૈતન્ય છું, હું ચૈતન્ય દ્રવ્ય છું, આ જ્ઞાયક છું-એમ પોતાના સ્વભાવ તરફ જાય તો તેની દિશા બદલાય છે, તેથી તે ઉપયોગને સૂક્ષ્મ કહેવાય છે. સ્થૂલ ઉપયોગની દિશા તો બહાર ને બહાર જ છે, પોતાના અરૂપી તત્ત્વને ગ્રહણ કરે તો તેની અંતરમાં દિશા વળે જે સૂક્ષ્મ ઉપયોગ છે. અંતરમાં જઈને સ્વભાવને ગ્રહણ કરે તે ઉપયોગ સૂક્ષ્મ છે. ધીરો થઈને અંતરમાં જુએ કે આ સ્વભાવ છે અને આ વિભાવ છે, એમ પોતે પોતાના સ્વભાવને ગ્રહણ કરે તો તે ઉપયોગને સૂક્ષ્મ કહેવાય.

# સ્વ સત્તાનો અપાર મહિમા

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(સળંગ પ્રવચન નં-૧૦૮)

આ, શ્રી સમયસાર નાટકમાં મોક્ષદ્વારનું ૨૩મું પદ્ય છે. તેમાં શું સિદ્ધ કરે છે?–કે આત્મા એક સત્તા છે. સત્તા એટલે હોવાપણું. જે છે, હતો અને રહેશે એવી આત્માની સત્તા અનાદિ-અનંત ધ્રુવસત્તા છે. એ ધ્રુવસત્તાનું સાધન કરવું તેનું નામ મોક્ષમાર્ગ છે.

ભગવાન આત્મા જ્ઞાન અને આનંદથી ભરેલી અનાદિ-અનંત એક સત્તા છે. માટે જેણે ધર્મ કરવો હોય, સુખી થવું હોય તેણે સ્વસત્તાને સાધવી.

साधी दधि मंथमैं अराधी रस पंथनिमैं,
जहां तहां ग्रंथनिमैं सत्ताहीकौ सोर है।
ग्यान भान सत्तामैं सुधा निधान सत्ताहीमैं,
सत्ताकी दुरनि सांझ सत्ता मुख भोर है॥
सत्ताको सरूप मोख सत्ता भूल यहै दोष,
सत्ताके उलंघे धूमधाम चहूँ ओर है।
सत्ताकी समाधिमैं बिराजि रहै सोइ साहू,
सत्तातैं निकसि ओर गहै सोई चोर है॥२३॥

અર્થ :—દહીંના મંથનથી ઘીની સત્તા સાધવામાં આવે છે, ઔષધિઓની ક્રિયામાં રસની સત્તા છે, શાસ્ત્રોમાં જ્યાં ત્યાં સત્તાનું જ કથન છે. જ્ઞાનનો સૂર્ય સત્તામાં છે. અમૃતનો પુંજ સત્તામાં છે. સત્તાને છુપાવવી એ સાંજના અંધકાર સમાન છે અને સત્તાને મુખ્ય કરવી એ સવારના સૂર્યનો ઉદય કરવા સમાન છે. સત્તાનું સ્વરૂપ જ મોક્ષ છે, સત્તાનું ભૂલવું એ જ જન્મ-મરણ આદિ દોષરૂપ સંસાર છે. પોતાની આત્મસત્તાનું ઉલ્લંઘન કરવાથી ચારગતિમાં ભટકવું પડે છે. જે આત્મસત્તાના અનુભવમાં વિરાજમાન છે તે જ ભલો માણસ છે અને જે આત્મસત્તા છોડીને અન્યની સત્તાનું ગ્રહણ કરે છે તે જ ચોર છે.

જે વસ્તુ–શકિત સત્તામાં હોય છે તે તેના સાધન વડે પ્રગટ થાય છે. દહીંમાં ઘી રહેલું છે તે તેનું મંથન કરવાથી પ્રાપ્ત થાય છે. જેમ, અબરખને એકવાર, બેવાર નહિ

પણ હજાર વાર તાપ આપે છે ત્યારે તેની ભસ્મ થાય છે. પણ મૂળ સત્તામાં એની શકિત પડી છે તો થાય છે. કાંકરાને એટલો તાપ આપો તો તેની રાખ થઈ જશે પણ ભસ્મ (ઔષધિ) નહિ થાય, કેમ કે તેનામાં અબરખની સત્તા જ નથી.

જેમ, મોરના પીંછામાં તાંબાની સત્તા છે તો તેમાંથી તાંબુ કાઢીને તેની ભસ્મ બનાવવામાં આવે છે. જેમાં જેનું હોવાપણું હોય તેમાંથી તે આવે છે. વૈદ્યો એ તાંબામાંથી ભસ્મ બનાવીને ક્ષયના રોગીને દવા આપે છે. એનો શાતાનો ઉદય હોય તો સારૂં થાય છે. કોઈ દવાથી સારૂં થતું નથી. પણ અહીં તો સત્તાને સિદ્ધ કરવી છે.

વૃક્ષના રસમાંથી દવાઓ બને છે ને! તો રસમાં દવાનું હોવાપણું હતું તો બહાર આવે છે. તેથી શાસ્ત્રોમાં એટલે ભગવાનની વાણીમાં જ્યાં હોય ત્યાં સત્તાનું કથન આવે છે કે ચેતનમાં ચેતનનું હોવાપણું છે અને જડમાં જડનું હોવાપણું છે, ધર્માસ્તિકાયમાં ધર્માસ્તિકાયનું હોવાપણું છે. એ રીતે દરેક પદાર્થમાં તેનું હોવાપણું છે. પરથી તેનું હોવાપણું નથી.

આત્મભગવાનના હોવાપણામાં જ્ઞાનસૂર્યની સત્તા છે. અંદરમાં પૂરો જ્ઞાનપ્રકાશ ભર્યો પડ્યો છે તેમાંથી પ્રગટ થાય છે. કોઈ ક્રિયાકાંડથી કેવળજ્ઞાન કે મોક્ષ થાય તેમ નથી. ચૈતન્યસત્તામાં એકાગ્રતા કરવાથી જ્ઞાનપ્રકાશ બહાર આવે છે. માટે, કહે છે કે પ્રભુ! પોતાના હોવાપણામાં જ જ્ઞાન ભર્યું છે, તેમાંથી આવે છે. કાંઈ બહારથી કોઈ પદાર્થમાંથી કે શાસ્ત્રમાંથી જ્ઞાન આવતું નથી. દેવ-શાસ્ત્ર-ગુરુ જ્ઞાન આપી દેતાં નથી કે તેમની વાણી સાંભળવાથી જ્ઞાન મળતું નથી. જ્ઞાનસ્વભાવી આત્મામાં સર્વજ્ઞ થવાની શકિત પડી છે તેમાંથી સર્વજ્ઞપણું પ્રગટ થાય છે. જ્ઞાનસૂર્ય ઉપર નજર કરીને તેમાં એકાગ્ર થતાં મોક્ષનો માર્ગ પ્રગટ થાય છે અને પૂર્ણ એકાગ્ર થતાં મોક્ષ પ્રગટ થાય છે. આમ, મોક્ષ કે મોક્ષનો માર્ગ ક્યાંય બહારથી પ્રગટ થતો નથી. માટે, ગુરુની કૃપાથી આત્મજ્ઞાન થઈ જશે...સાંભળતાં સાંભળતાં કલ્યાણ થઈ જશે....એવું જે કાંઈ બોલવામાં આવે છે તે વ્યવહારના કથન છે.

પોતાની ધ્રુવસત્તામાં પૂર્ણ જ્ઞાનસૂર્ય રહેલો છે તે ધ્રુવના આશ્રયથી પ્રગટ થઈ જાય છે અને પૂર્ણ રીતે એકાગ્ર થતાં કેવળજ્ઞાનસૂર્ય પ્રગટ થઈ જાય છે. માટે જ્યાં હોય ત્યાં સત્તાનો જ શોરબકોર છે. આત્માની સત્તામાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ તો નથી પણ અલ્પજ્ઞપર્યાય જેવડો આત્મા નથી. આત્મા સર્વજ્ઞસ્વભાવી છે તેમાં નજર નાંખતાં એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષનો માર્ગ પ્રગટ થાય છે. 'પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે.' લીંડીપીપરમાં ૬૪ પોરી તીખાશ એની સત્તામાં છે તો તેને ઘસવાથી પ્રગટ થાય છે. તેમ

અંતરમાં પૂર્ણ જ્ઞાનનો સૂર્ય ભર્યો પડ્યો છે તો તેમાં એકાગ્રતાના સાધનથી પૂર્ણ સાધ્યદશા પ્રગટ થાય છે.

વીતરાગનો માર્ગ શું છે તે લોકોને મળ્યો નથી. એટલે માર્ગ જે રીતે છે તેનાથી ઉલટી રીતે કહેવામાં આવે છે.

સાક્ષાત્ ભગવાન પાસે સમવસરણમાં જાવ તોપણ ભગવાન એમ કહેશે કે અમારી સામે જોવાથી કે અમને સાંભળવાથી તને જ્ઞાન નહિ થાય. અમારાં સામે જોવાનું છોડીને તું તારાં જ્ઞાનસૂર્યને જો તો જ્ઞાન જરૂર પ્રગટ થશે. સોનાની ખાણમાંથી સોનું નીકળે, લોઢાની ખાણમાંથી સોનુ ન નીકળે એવી સીધી વાત છે.

આ શરીરની સત્તા છે તે શરીરના પરમાણુને કારણે છે. આત્માના કારણે તેનું હોવાપણું નથી. આ બોલવા, ચાલવા, ખાવા-પીવા આદિની ક્રિયા થાય છે તે આત્માના કારણે થતી નથી, જડના કારણે થાય છે.

અમૃતનો પુંજ સત્તામાં છે. અમૃત એટલે અતીન્દ્રિય આનંદનું સુખ તારી સત્તામાં છે. કોઈ અતીન્દ્રિય આનંદના સુખને બહાર ગોતવા જાય તો મળે તેમ નથી. ભક્તિ-પૂજાના વિકલ્પમાં પણ આનંદ નથી. ત્રણલોકના નાથ 'સર્વજ્ઞ' ઇન્દ્રો આદિ સભાજનોની સમક્ષમાં આમ કહેતાં હતાં. સમ્યક્શ્રદ્ધા અને જ્ઞાન થતાં અતીન્દ્રિય આનંદના સુખનો અંશ વેદનમાં આવે છે અને અજ્ઞાનદશાના કારણે જે દુઃખનું વેદન થતું હતું તે ટળે છે. રાગની ભઠ્ઠી સળગતી હતી તે બૂઝાય છે. "યહ રાગ-આગ દાહ દહૈ સદા, તાતૈં સમામૃત સેઈએ." ચાહે તો રાગ શુભ હો કે અશુભ હો–તે કષાયની ભઠ્ઠી છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય છે એવો રાગ પણ તારાં સ્વરૂપમાં નથી. એ પણ કષાય છે.

રાગ અને વિકારમાં એકતાબુદ્ધિ છે એ જ ખરેખર દુઃખ છે. છપ્પનિયાના દુકાળમાં ભરવાડ ગાયો ઉપર માથુ નાંખીને રડતાં હતાં. કેમ કે છ-છ ગાંવ સુધી ક્યાંય ઘાસનું તરણું ઉગ્યું ન હતું. પશુઓ ભૂખે મરતાં હતાં. જુઓ! એ કેવી દશા! એ બધું રાગની એકતાબુદ્ધિનું દુઃખ છે. આ શેઠિયાઓ, રાજાઓ, દેવો સુખી દેખાય છે એ બધાં દુખિયા છે, સુખી નથી કેમ કે અંદરમાં સુખ ભર્યું છે તેની તો એને ખબર નથી અને બહારથી સુખ માગે છે માટે ભિખારા છે. અંદરમાં અતીન્દ્રિય આનંદનો દરિયો ભર્યો છે તેનો વિશ્વાસ આવતો નથી ત્યાં સુધી બધાં દુઃખી જ છે.

ભગવાન આત્મા એના દરેક ગુણોથી છલોછલ ભરેલો દરિયો છે. આવી મારી

મહાન સત્તા છે—એવી શ્રદ્ધા જીવને પહેલાં આવવી જોઈએ. તારી સત્તામાં અમૃતના પૂર છે, અમૃતના ઢગલા છે. દેહ-વાણી-મન તારી સત્તામાં નથી. પુણ્ય-પાપ તારી સત્તામાં નથી. હિંસા, જૂઠ, ચોરી આદિના પરિણામ કે અહિંસા, સત્ય આદિના પરિણામ પણ તારું સ્વરૂપ નથી. એ તો આસ્રવ તત્ત્વ છે, અનાત્મસત્તા છે. આસ્રવથી ભિન્ન ભગવાન આત્મામાં અમૃતનો દરિયો ભર્યો છે. તેની પર્યાયમાં અમૃત આનંદનો નમૂનો આવે તો એ નમૂના દ્વારા આખી સત્તા પ્રતીતિમાં આવે છે.

એક છીંકણી સૂંઘીને રાજી થાય છે તેને આ વાત કેમ પ્રતીતિમાં બેસે! બે-ત્રણ બીડી પીવે ત્યારે તો એને પેટ સાફ થાય! અરે! મૂરખના કાંઈ ગામ જુદાં હોય છે! શુભ કે અશુભ કોઈ પણ કલ્પના તું કરે છે એ બધી તને દુઃખનું કારણ થાય છે. તું તારી સત્તાનો અજાણ થઈને દુઃખની પ્રસિદ્ધિ કરે છે તેથી આચાર્યદેવ તને તારી સત્તાનું ભાન કરાવે છે. પણ અમૃતસાગર ભગવાન આત્માની સામુ જોયા વિના અને રાગના વિકલ્પથી પરામુખ થયા વિના આવી સત્તાનો સ્વીકાર થઈ શકતો નથી. ત્રણલોકના નાથ કહે છે કે અમે પણ તને તારી સત્તાની શ્રદ્ધા કરાવવા સમર્થ નથી. તારો આત્મા જ તારી સત્તાનો સ્વીકાર કરાવવા સમર્થ છે.

ग्यान भान सत्तामें...જ્ઞાનનો સૂર્ય અને અમૃતનું નિધાન તારી સત્તામાં છે. આત્માની સત્તામાં દુઃખનું કે રાગનું નિધાન નથી. આવી સત્તાનું ભગવાને આંદોલન પ્રસિદ્ધ કર્યું છે. સાંભળ રે સાંભળ પ્રભુ! બધું તારી પાસે છે.

सत्ताकी दुरनि सांझ...સત્તાને છુપાવવી તો સાંજની સંધ્યા સમાન છે. જ્ઞાનાનંદ ભગવાનને ઢાંકી દેવો કે એ હું નહિ...હું નહિ...એમ સત્તાને છુપાવવી તે અંધકાર સમાન છે. રાગમાં હુંપણું માનનાર અને રાગ કરતાં કરતાં ધર્મ થવાનું માનનાર જીવ જ્ઞાનસૂર્યની સત્તાને ઢાંકી રહ્યો છે.

આ બહુ ટૂંકમાં બનારસીદાસજીએ ચૈતન્યની સત્તાની પ્રસિદ્ધિ કરી છે. પ્રભુ! તારામાં તો જ્ઞાનાનંદની પ્રભુતાની સત્તા છે. પામરતાની સત્તા તારાં સ્વભાવમાં નથી. જેને રાગમાં, પુણ્યમાં અધિકતા ભાસે છે એ તો અજ્ઞાનરૂપી અંધકારને પ્રસિદ્ધ કરે છે. જાગતી જ્યોતનો નકાર કરીને અજ્ઞાન અંધકારને સ્વીકારે છે કે જેમાં દુઃખ છે, દુઃખનું કારણ છે. પરથી હું પ્રગટ થાઊં એવો છું એમ માનનારા જ્ઞાનસૂર્યને ઢાંકી દે છે. વસ્તુ તો જે છે તે જ છે પણ એની દૃષ્ટિમાં રાગનો જ વસ્તુપણે સ્વીકાર આવ્યો તેથી મૂળ વસ્તુ ઢંકાઈ જાય છે.

આમ, અજ્ઞાનમાં જીવ છતી વસ્તુને અછતી કરે છે અને અછતો એવો જે રાગ તેને છતો કરે છે.

બાપુ! મારગ તો આવો છે. સર્વજ્ઞ પરમાત્માએ આ માર્ગ ફરમાવ્યો છે.

सत्ता मुख भोर है.....સત્તાના સ્વરૂપને મુખ્ય કરવું અને રાગ તથા નિમિત્ત ગૌણ કરવા. સવારમાં જેમ સૂર્યનો ઉદય થાય છે તેમ ત્રિકાળ જ્ઞાનસૂર્યની સત્તાને મુખ્ય કરીને તેનો સ્વીકાર કરતાં મતિ-શ્રુતજ્ઞાનનો પ્રકાશ પ્રગટ થાય છે. અપરિણામી ધ્રુવ ચીજનો સ્વીકાર કરતાં સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન આદિના પરિણામ પ્રગટ થઈ જાય છે. કેમ કે પરિણમવું એ તો વસ્તુનો પર્યાયધર્મ છે અને ત્રિકાળ આનંદરૂપે રહેવું એવો પણ વસ્તુનો ધર્મ છે.

આવો ધર્મ લોકોને મોંઘો લાગે છે અને સોંઘો ધર્મ શોધે છે પણ સોંઘો ધર્મ તો મોંઘો પડશે. તારો અવતાર આખો ચાલ્યો જશે. માટે, સાચો ધર્મ સમજવો હોય તો ચૈતન્યસત્તાને મુખ્ય કરવી અને બીજું બધું ગૌણ કરવું. એકલો ચૈતન્યસ્વભાવ જ જેની દૃષ્ટિમાં મુખ્ય થાય છે અને દેવ-શાસ્ત્ર-ગુરુ, તેમના પ્રત્યેની ભક્તિનો રાગ અને પોતાની પણ પર્યાય જેની દૃષ્ટિમાં ગૌણ થાય છે તેને સત્તાના સૂર્યનો ઉદય થાય છે. સત્તાને મુખ્ય કર્યા વિના મતિ-શ્રુતજ્ઞાનનો પ્રકાશ પ્રગટ થાય એમ ત્રણકાળમાં બનતું નથી. બહુ ભણે, શીખે, બહુ યાદ રાખે તેનાથી સત્તાનો સૂર્ય ઉદય થતો નથી. સત્તાને મુખ્ય કરવાથી જ સત્તાનો સૂર્ય ઉદય થાય છે. ભોર એટલે સવાર પડી–સૂર્ય ઊગ્યો....તે હવે પૂર્ણતાને પ્રાપ્ત કરીને સાદિ-અનંતકાળ એમ જ રહેશે.

આ બનારસીદાસજીએ ગૃહસ્થાશ્રમમાં રહીને કેવી વાત લખી છે! એ ક્યાં ગૃહસ્થાશ્રમમાં હતાં! એ તો આત્મામાં હતાં. ધર્મી ઘરમાં હોતા નથી. ધર્મી આત્મામાં જ હોય છે. ગૃહસ્થાશ્રમનો વિકલ્પ ઉઠે તેને પણ ધર્મી જાણે છે. ધર્મી વિકલ્પમાં રહેતાં નથી ધર્મી જ્ઞાનમાં જ રહે છે.

વેપાર-ધંધામાંથી માંડ થોડો સમય મળે, એમાં સોંઘો ધર્મ લેવા જાય ત્યાં કુગુરુ એને લૂંટી લે. ધંધામાં થોડો સમય જાય, થોડો ખાવામાં જાય, થોડો ઉંઘવામાં જાય, થોડો બાકી બચે એમાં કુગુરુ પાસે જાય એટલે તે પણ લૂટાય જાય. અહીં તો ભગવાન સ્વાધીનતાનો સાચો માર્ગ બતાવે છે કે તારી સત્તાને મુખ્ય કર તો ધર્મ પ્રગટ થશે. બીજી કોઈ ચીજને મુખ્ય કરીશ તો ધર્મ નહિ પ્રગટે.

પોતાનું સ્વરૂપ જ્ઞાનાનંદ પ્રભુતાથી ભરેલું છે એવું ભાન થાય એ જ મોક્ષ છે. આવું વસ્તુસ્વરૂપ અનાદિથી છે એમ ભગવાન કહે છે, આ કોઈ કલ્પનાની વાત નથી. ભગવાનના ઘરની વાત છે. ધર્મ પામવામાં દેવ-ગુરુનું નિમિત્ત તો હોય છે પણ નિમિત્ત કાંઈ કરી દેતું નથી. નિમિત્ત તો અકિંચિત્કર છે. ભગવાન તો સત્‌નું સત્‌પણું પ્રસિદ્ધ કરે છે, જે જીવ સમજીને સ્વીકાર કરે તેને લાભ છે.

सत्ता भूल यहै दोष...પોતાની સત્તાને ભૂલી જવી એ જ મોટો દોષ છે. દેવ-શાસ્ત્ર-ગુરુ કહે છે કે તું તને ભૂલીને અમને જ યાદ કરીશ એ પણ તારી ભૂલ છે. પોતાની પૂર્ણાનંદ પ્રભુસત્તાને ભૂલીને કાંઈ પણ કરવું એ બધું ચારગતિરૂપ સંસારમાં રખડવાનું કારણ છે. ચૈતન્યસૂર્ય, અમૃતપુંજ પોતાની મહાસત્તાની સન્મુખ ન જોતાં, પર સન્મુખ જુએ છે તેણે નિજસત્તાનું ઉલ્લંઘન કર્યું છે, તેના ફળમાં એ ચારગતિના ચક્કરમાં ફરે છે. નિજને ભૂલીને પરનું સ્મરણ કરવું એ સંસારમાં રખડવાનું કારણ છે એમ ભગવાન કહે છે.

સત્‌ તો અનાદિથી આ રીતે છે. તેનાથી વિપરીત માનશે તેને વિપરીત ફળ આવશે. પોતાની ચિદાનંદ સત્તાની સન્મુખતા નહિ કરતાં પર સન્મુખતા કરે છે તે જ તેને સંસારમાં રખડવાનું કારણ થાય છે. માટે અહીં તો કહે છે કે તારી સત્તાને પકડ! અમારાં હોવાપણાના કારણે તારું હોવાપણું નથી અને તારાં હોવાપણાના કારણે અમારું હોવાપણું નથી. તારું હોવાપણું તારાં કારણે છે તેને પકડ!

ગુરુથી જ્ઞાન થતું નથી અને ગુરુ પાસેથી જે સાંભળ્યું એ જ્ઞાન પણ જ્ઞાન નથી. ગુરુએ કહ્યું કે તારી સત્તા શુદ્ધ છે એવો જે તને ખ્યાલ આવ્યો તેનાથી પણ જ્ઞાન થતું નથી. જ્ઞાન તો એકમાત્ર સ્વસત્તાના આશ્રયે જ થાય છે એવી વાત છે. આ જ માને, કાલ માને કે અનંતકાળે માને પણ આ માન્યે જ એના જન્મ-મરણના આરા આવશે એ વિના તો જીવ ચોરાશીલાખ યોનિની ઘાણીમાં પીલાશે. અત્યારે એને મનુષ્યભવ મળ્યો છે, શાતાનો ઉદય છે એટલે ખાવા-પીવા આદિની અનુકૂળતા છે અને ૧૦-૨૦ લાખની મૂડી હોય એટલે પોતાને સુખી માનતો હોય. પણ એ સુખી નથી. વધારે પૈસાવાળા હોય એ તો વધારે દુઃખી હોય છે કેમ કે એને પૈસાની મમતા છે ને! પોતાની સત્તાને ભૂલીને ધનાદિની સત્તાથી પોતાનું હોવાપણું માને છે માટે તે દુઃખી છે—મૂરખ છે એ વાત આગળ ૨૮મા પદ્યમાં આવશે કે સંપત્તિ એ તો માટી છે તેને પોતાની માને છે અને તેનાથી મોટાઈ વેદે છે એ બધાં મૂરખ છે. કરોડના પતિ એટલે જડ છે.

सत्ताके उलंघे धूमधाम चहूं ओर है...પોતાની ચૈતન્યસત્તાનો શ્રદ્ધા-જ્ઞાનની સન્મુખ

થઈને સ્વીકાર કર્યા વિના રાગ, પુણ્ય, શરીર આદિની સત્તાને જ પોતાની સત્તા માને છે તે ચારગતિમાં ઘૂમે છે. જેનાથી પોતાને લાભ માને છે તેને પોતાની સત્તા માને છે પણ પરને પોતાના માનવાથી લાભ તો થતો નથી ઉલટું ચારગતિમાં રખડવું પડે છે.

सत्ताकी समाधिमें...પોતાના જ્ઞાનાનંદસ્વભાવની સત્તામાં જે રહે છે તે જ ભલો માણસ છે. સત્‌જન છે. સજ્જન=સત્‌+જન. પોતાની પૂર્ણ સત્તાનો સ્વીકાર કરનાર અને રાગાદિને પોતાના નહિ માનનાર જીવ સજ્જન છે. રાગ તો જ્ઞાનીને પણ હોય છે પણ સાથે વિવેકબુદ્ધિ હોય છે. પરની દયા પાળવાનો ભાવ હોય પણ હેયબુદ્ધિએ હોય. અજ્ઞાનીને તેમાં ઉપાદેયબુદ્ધિ હોય છે માટે તે સત્તાને ભૂલેલો છે. પોતાની સત્તાની ઉપાદેયતા ભૂલીને પરસત્તાને ઉપાદેય માને છે તે ચોર છે. પોતાના સહજ જ્ઞાનાનંદભાવને ભૂલીને પુણ્ય-પાપની સત્તાને સંભાળે છે તે ચોર છે, ભૂલેલાં છે, અપરાધી છે.

હવે ૨૪મા પદ્યમાં કહે છે કે આત્મસત્તાનો અનુભવ નિર્વિકલ્પ છે. સવિકલ્પમાં અનુભવ હોતો નથી. ભગવાન આત્માના પૂર્ણ સ્વભાવનો સ્વીકાર નિર્વિકલ્પ દશામાં જ થાય છે. પોતાની પૂર્ણજ્ઞાનાનંદ સત્તાનો અનુભવ નિર્વિકલ્પતામાં થાય છે તે કહે છે.

जामैं लोकवेद नांहि थापना उछेद नांहि,
पाप पुन्न खेद नांहि क्रिया नांहि करनी।
जामैं राग दोष नांहि जामैं बंध मोख नांहि,
जामैं प्रभु दास न अकास नांहि धरनी॥
जामैं कुल रीत नांहि जामैं हारि जीत नांहि,
जामैं गुरु सीष नांहि वीष नांहि भरनी।
आश्रम बरन नांहि काहूकी सरन नांहि,
एसी सुद्ध सत्ताकी समाधिभूमि बरनी॥२४॥

અર્થ :—જેમાં લૌકિક રિવાજોની ન વિધિ છે કે ન નિષેધ છે, ન પાપ-પુણ્યનો ક્લેશ છે, ન ક્રિયાની આજ્ઞા છે, ન રાગ-દ્વેષ છે, ન બંધ-મોક્ષ છે, ન સ્વામી છે, ન સેવક છે, ન આકાશ છે, ન ધરતી છે, ન કુળાચાર છે, ન હારજીત છે, ન ગુરુ છે ન શિષ્ય છે, ન હાલવું-ચાલવું છે, ન વર્ણાશ્રમ છે ન કોઈનું શરણ છે. એવી શુદ્ધસત્તા અનુભવરૂપ ભૂમિમાં પ્રાપ્ત થાય છે.

આ પદ્યો બનારસીદાસજીએ સંતોની વાણીમાંથી કાઢીને બનાવ્યા છે. કાંઈ ઘરનું

બનાવ્યું નથી. ચોથા ગુણસ્થાનવાળા, પાંચમાવાળા, છઠ્ઠાવાળા મુનિરાજ કહે છે કે કેવળી કહે તે વસ્તુના સિદ્ધાંતમાં કાંઈ ફેર ન હોય. તેમની સ્થિરતામાં ફેર હોય પણ વસ્તુની દૃષ્ટિ અને જ્ઞાનમાં જરાય ફેર ન હોય.

जामैं लोकवेद नांहि...આત્માનો અનુભવ રાગ-દ્વેષ આદિથી રહિત છે તેથી તેમાં લોકવેદ એટલે લૌકિક રિવાજ કાંઈ નથી. જ્યાં આત્માનો નિર્વિકલ્પ અનુભવ છે તેમાં લૌકિક રિવાજ તો શું પણ શાસ્ત્રમાં કહેલી વ્યવહાર પદ્ધતિનો પણ તેમાં અભાવ છે. थापना उछेद नांहि...મૂર્તિને ઈશ્વર કહેવા એ લોકવ્યવહાર છે અને મૂર્તિપૂજાનું ખંડન કરવું તે લોકસ્થાપનાનો નિષેધ છે. સત્તાના અનુભવમાં બેમાંથી એકેય ભાવ હોતાં નથી. વિકલ્પમાં ભગવાનની સ્થાપના-પૂજા આદિનો શુભભાવ હોય છે પણ અનુભવમાં તે વિકલ્પ પણ ન હોય. તેથી મૂર્તિ અને મૂર્તિપૂજા જ ઉથાપી નાંખવી-એ ખોટી વાત છે. વળી તેનાથી ધર્મ માનવો એ પણ ખોટી વાત છે. સાક્ષાત્ ભગવાનની પૂજા કરવી એ પણ રાગ છે, તે કાંઈ ધર્મ નથી. પણ તેનો નિષેધ ન હોય.

पाप पुन्न खेद...અનુભવમાં પુણ્ય અને પાપરૂપ ખેદનો પણ અભાવ છે. પાપ અને પુણ્ય બંને ખેદ છે. વસ્તુ નિર્વિકલ્પ છે, તેમાં જેનો અભાવ છે તેનો વસ્તુના અનુભવમાં પણ અભાવ છે. વિશેષ કહેવાશે. *(ક્રમશઃ)*

હે આત્મહિતૈષી પ્રાણી ! પુણ્યના ફળોમાં હર્ષ ન કર અને પાપના ફળોમાં દ્વેષ ન કર. (કારણ કે આ પુણ્ય અને પાપ) પુદ્ગલના પર્યાય છે, ઉત્પન્ન થઈને નાશ પામી જાય છે, અને ફરીને ઉત્પન્ન થાય છે. પોતાના અંતરમાં નિશ્ચયથી-ખરેખર લાખો વાતોનો સાર આ જ પ્રમાણે ગ્રહણ કરો કે પુણ્ય-પાપરૂપ બધાય જન્મ-મરણના દ્વંદરૂપ (રાગ-દ્વેષરૂપ) વિકારી મલિનભાવો તોડી હંમેશા પોતાના આત્માનું ધ્યાન કરો. ૨૮૦. *—પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ-૪, શ્લોક-૮*

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મ-જ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

**સમ્યક્ત્વજયંતી-મહોત્સવ :**—નિર્મલ સમ્યક્ત્વથી વિભૂષિત ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૩મો સમ્યક્ત્વજયંતી–મહોત્સવ તા. ૩૧-૩-૨૦૦૫, ગુરુવારથી તા. ૪-૪-૨૦૦૫, સોમવાર (ફાગણ વદ-૧૦)—પાંચ દિવસ સુધી લાઠીનિવાસી દાદર (મુંબઈ)વાસી માતુશ્રી ચંચળબેન પ્રેમચંદ પાનાચંદ ભાયાણી–પરિવાર, હ૦ શ્રીમતી વાસંતીબેન ગુણવંતરાય ભાયાણી તરફથી અતિ–આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવ્યો. આ પંચાહ્નિક અવસર પર રાજકોટ, મુંબઈ, ભાવનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, જામનગર વગેરે ગામોથી લગભગ ૬૦૦ થી વધુ મુમુક્ષુઓ પોતાની ઉપકૃત ભાવભીની ભક્તિ–અંજલિ સમર્પિત કરવા માટે આવ્યાં હતાં.

**માનસ્તંભ-પ્રતિષ્ઠાદિન :**—તા. ૧૯-૪-૨૦૦૫, મંગળવારે, સોનગઢમાં શ્રી સીમંધર–માનસ્તંભનો ૫૩ મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

### મહાવીર જયંતી–કહાનગુરુ-સંપ્રદાયપરિવર્તનદિન

તા. ૨૨-૪-૨૦૦૫ શુક્રવારે ભગવાન શ્રી મહાવીરસ્વામીના જન્મકલ્યાણકનો તથા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સદ્ધર્મ પ્રકાશનના હેતુરૂપ સંપ્રદાય–પરિવર્તનનો વાર્ષિક દિન પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

## અધ્યાત્મવિદ્યાતીર્થ સુવર્ણપુરીમાં ધાર્મિક શિક્ષણવર્ગ

અધ્યાત્મવિદ્યાસ્થળી શ્રી સોનગઢમાં પુરુષો માટે પ્રતિવર્ષ ચાલતા ગ્રીષ્મકાલીન ધાર્મિક શિક્ષણવર્ગ, અધ્યાત્મબોધકર્તા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૧૬મી જન્મજયંતીના શુભાવસર પર તા. ૬-૫-૨૦૦૫, શુક્રવારથી તા. ૨૬-૫-૨૦૦૫, ગુરુવાર—એકવીસ દિવસ સુધી રાખવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

આપ આપના મુમુક્ષુમંડળના કેટલા વિદ્યાર્થી મોકલી રહ્યા છો તેની અગ્રિમ સૂચના પોસ્ટથી અથવા ફોનથી જણાવશો.

પ્રબંધક :—
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સમ્યક્ત્વ-સાધનાભૂમિ વાંકાનેરમાં નિર્મિત

## શ્રી ગુલાબરાય છગનલાલ શાહ દિગંબર જૈન અતિથિગૃહ

વાંકાનેર (સૌરાષ્ટ્ર) શહેરમાં સમ્યક્ત્વરત્ન-વિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સમ્યક્ત્વ-સાધનાભૂમિનાં, અને અત્રે પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પવિત્ર કરકમળથી વિ. સં. ૨૦૧૦માં પ્રતિષ્ઠિત શ્રી વર્ધમાનસ્વામી દિગંબર ભવ્ય જિનમંદિરનાં, તેમ જ તેના પરિસરમાં નવનિર્મિત તેમ જ પ્રતિષ્ઠિત, વિશ્વમાં અદ્વિતીય અને અતિ ભવ્ય એવા, શ્રી સીમંધર ભગવાનની 'લાઈટ' અને 'સાઉન્ડ' સહિત, કાચનિર્મિત સમવસરણનાં દર્શન-ભક્તિ વગેરે નિમિત્તે અવારનવાર અનેક યાત્રાળુ આવે છે. તેમના વિશ્રામ તથા ઊતરવા માટે, વાંકાનેર (હાલ હૈદ્રાબાદ)ના સ્વ. શ્રી ગુલાબરાય છગનલાલ શાહના પરિવાર તરફથી નૂતન 'અતિથિગૃહ' નિર્મિત થયું છે. ૪૦ થી ૫૦ યાત્રિકોની સગવડ સચવાય એવા આ ભવ્ય અતિથિગૃહનો લાભ લેવા સર્વ યાત્રાળુઓને અનુરોધ છે. તેમાં આધુનિક બધી સગવડતા છે, તથા રસોઈઘરની વ્યવસ્થા પણ છે.

**શ્રી વાંકાનેર દિગંબર જૈનસંઘ**
પ્રતાપ રોડ, દેના બેંકની બાજુમાં,
વાંકાનેર (સૌરાષ્ટ્ર) ૩૬૩૬૨૧
✆ : (02828) 223596, 220639
220968

*પ્રેષક :—*
*શ્રી વાંકાનેર દિગંબર જૈન સંઘ,*
*પ્રમુખ : ધીરજલાલ દલપતભાઈ સપાણી*

## અમરેલી શહેરમાં જિનેન્દ્ર-પ્રતિષ્ઠાપન-મહોત્સવ

અમરેલી (સૌરાષ્ટ્ર) શહેરમાં શ્રી શાન્તિનાથ દિગંબર જિનમંદિરમાં નવપ્રતિષ્ઠિત પંચધાતુના ૧૦૦૮ શ્રી શાન્તિનાથ ભગવાન તથા ધાતકીખંડ-વિદેહના ભાવિ જિનવરના વીતરાગભાવવાહી દિગંબર જિનપ્રતિમાનો પ્રતિષ્ઠાપન મહોત્સવ તા. ૨૭-૩-૨૦૦૫, રવિવારના શુભ દિવસે શ્રી અમરેલી દિગંબર જૈન મુમુક્ષુમંડળ દ્વારા આયોજિત કરવામાં આવેલો. તે મંગલ મહોત્સવ અત્યંત આનંદોલ્લાસપૂર્વક સંપન્ન કરવામાં આવેલો. સોનગઢ, રાજકોટ, લાઠી વગેરે અનેક ગામોથી બસોથી અધિક મુમુક્ષુ આ મહોત્સવનો લાભ લેવા માટે આવ્યા હતા. પૂજા-ભક્તિ, ગુરુદેવનું ટેપ-પ્રવચન તથા શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવેલું.

### ખાસ નોંધ

જામનગર મુમુક્ષુમંડળ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવે છે કે આત્મધર્મ માર્ચ--૨૦૦૫ના અંકમાં પંચકલ્યાણક મહોત્સવના અહેવાલમાં આહારદાનના દિવસનું જમણ નાયરોબીનિવાસી તારાબેન નેમચંદ દેવરાજ શાહ તરફથી જાહેર કરવામાં આવેલ પરંતુ ભૂલથી અન્ય નામ છપાયેલ છે તો દાતાર પરિવારની મંડળ ક્ષમા માંગે છે. વાંચકોએ ખાસ નોંધ લેવી.

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં

*પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૧૬મો*

# મંગલ જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન છે કે—આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૧૬મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ શ્રી સોનગઢમાં શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડલ ટ્રસ્ટ, પાર્લા-સાન્તાક્રૂઝ તરફથી અતિ આનંદોલ્લાસ-પૂર્વક ઊજવવામાં આવશે.

તદનુસાર પૂજ્ય ગુરુદેવશ્રીની આગામી ૧૧૬મી જન્મજયંતી (વૈશાખ સુદ-૨) નો મંગલ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૬-૫-૨૦૦૫, શુક્રવારથી તા. ૧૦-૫-૨૦૦૫, મંગળવાર—પાંચ દિવસ સુધી 'શ્રી તીર્થમંડલ વિધાન-પૂજા' પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક સી.ડી.-પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, તા. ૬-૭-૮ ત્રણ દિવસ માટે યુવકમંડળ દ્વારા આયોજિત ધાર્મિક શિક્ષણ-શિબિર, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની દિ-જૈન ભજનમંડળી દ્વારા દેવગુરુ-ભક્તિ ઇત્યાદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઊજવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરથી લાભાન્વિત થવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા માટે અમારા તરફથી હાર્દિક નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે.

નિમંત્રણ પત્રિકા (જેની લેખનવિધિ સોનગઢમાં તા. ૩-૪-૨૦૦૫, રવિવારે રાખવામાં આવેલી) સર્વે મુમુક્ષુમંડળોને પ્રેષિત કરવામાં આવી છે.

નિમંત્રક—

*શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટ,*

*પાર્લા-સાન્તાક્રૂઝ*

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ અર્હંતના દ્રવ્યને, ગુણોને ને પ્રગટ પર્યાયોને ખરેખર જાણે,—શું કામે જાણે?—કે પોતાના આત્માને જાણવા માટે જાણે—તે ખરેખર આત્માને જાણે છે. જેણે ખરેખર પરમાત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણ્યા—પોતાના આત્માને જાણવાના હેતુથી જાણ્યા—તે ખરેખર આત્માને જાણે છે. 'ખરેખર અર્હંતને જાણ' એમ કહેતાં આત્માને જાણવાના લક્ષે જાણ એમ કહેવું છે. 'ખરેખર' શબ્દમાં ઘણું વજન છે. આમ તો અગિયાર અંગ ને નવ પૂર્વને અનંતવાર કંઠસ્થ કર્યાં છે પણ એ કોઈ વસ્તુ નથી. તેથી કહે છે કે પોતાનું સ્વરૂપ કેવડું છે એ જાણવા માટે જેણે ખરેખર અર્હંતને જાણ્યા છે—લોકોને સંભળાવવા માટે કે વાતો કરવા માટે નહીં પણ પોતાના આત્માને જાણવા માટે જે ખરેખર અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે, તે આત્માને જાણે છે. કારણ કે બન્નેમાં ખરેખર તફાવત નથી. તફાવત નથી એટલે?—કે ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ સર્વજ્ઞમાં ને પોતાના આત્મામાં તફાવત નથી. સર્વજ્ઞ જેવડી પર્યાય પ્રગટ કરે એવડી તાકાતવાળું મારું દ્રવ્ય છે માટે બન્નેમાં ખરેખર તફાવત નથી. ૩૫૧.

❀ પ્રભુ! એક સમયની પર્યાયથી પણ ઉદાસ થઈને તારા ત્રિકાળી આનંદકંદ જ્ઞાયકને પકડ. ભાવેન્દ્રિય—ક્ષયોપશમિક જ્ઞાન—તો ખંડખંડરૂપ જ્ઞાનપર્યાય છે અને આત્મા તો પૂર્ણ નિરાવરણ, અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસ સ્વરૂપ પરમ પદાર્થ છે તે ભાવેન્દ્રિયના લક્ષથી પણ પકડમાં આવતો નથી; પકડનારી પર્યાય પોતે ક્ષાયોપશમિક ભાવે છે, પણ તેના લક્ષે પ્રભુ આત્મા પકડવામાં આવતો નથી. વસ્તુ પોતે પોતાની ક્ષાયોપશમિક જ્ઞાનની પર્યાય વડે પોતાના જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરે તો દ્રવ્ય પકડમાં આવે. અહા! આવો મારગ છે પરમાત્માનો. મહાવિદેહમાં ભગવાન પાસે તો આ ધોખમાર્ગ ચાલે છે. સત્યને કાંઈ સંખ્યાની જરૂર નથી કે ઘણા માણસો માને તો જ સત્ય કહેવાય. ચીજ જે રીતે સત્ય છે તેને તે રીતે માને તો સત્ય કહેવાય છે. ૩૫૨.

❀ બીજાનું કાંઈ કરવું કે લેવું-દેવું તો છે જ નહીં પણ પોતામાં પોતાના વિચાર, મંથન ચાલે તે પણ વિકલ્પ તોડી દઉં એ પણ વિકલ્પ છે. કેમ કે વિકલ્પ તોડું—એ તો પર્યાય ઉપર દૃષ્ટિ ગઈ. પર્યાયમાં પર્યાયથી ધ્રુવનો નિર્ણય કરવાનો છે. વિકલ્પને તોડું એવા વિકલ્પની પણ પેલે પાર જુદો જ ચૈતન્યપદાર્થ છે. તેનું અસ્તિપણું ખ્યાલમાં લેવું કે રાગથી ને પર્યાયથી પણ ભિન્ન હું આ જ્ઞાયક છું—એવું નિરંતર ઘૂંટણ રહેવું જોઈએ. ૩૫૩.

## ✻ ભેદવિજ્ઞાન ✻

ઉપયોગ તો ચૈતન્યનું પરિણમન હોવાથી જ્ઞાનસ્વરૂપ છે અને ક્રોધાદિ ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, શરીરાદિ નોકર્મ—એ બધાંય પુદ્‌ગલદ્રવ્યના પરિણામ હોવાથી જડ છે; તેમને અને જ્ઞાનને પ્રદેશભેદ હોવાથી અત્યંત ભેદ છે. માટે ઉપયોગમાં ક્રોધાદિક, કર્મ તથા નોકર્મ નથી અને ક્રોધાદિકમાં, કર્મમાં તથા નોકર્મમાં ઉપયોગ નથી. આ રીતે તેમને પારમાર્થિક આધારાધેયસંબંધ નથી; દરેક વસ્તુને પોતપોતાનું આધારાધેયપણું પોતપોતામાં જ છે. માટે ઉપયોગ ઉપયોગમાં જ છે, ક્રોધ ક્રોધમાં જ છે. આ રીતે ભેદવિજ્ઞાન બરાબર સિદ્ધ થયું. *—સમયસાર ગાથા ૧૮૧-૧૮૩નો ભાવાર્થ*

કહાન સં. ૨૫ સં. ૨૦૬૧ [૭૩૮] ✻ **આત્મધર્મ** ✻ [અંક-૧૦ વર્ષ-૬૧] વીર સં. ૨૫૩૧ એપ્રિલ-૨૦૦૫

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦
સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]
Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 244662
Copies : 5250